# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) નવા GST દર આજથી અમલમાં-પ્રધાનમંત્રીએ આ સુધારાઓને "બચતનો તહેવાર" ગણાવ્યો.

2) પ્રધાનમંત્રી મોદી આજે ત્રિપુરા અને અરુણાચલ પરદેશની મુલાકાતે: માતા ત્રિપુરા સુંદરી મંદિરનું ઉદ્ઘાટન કરશે

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસના ગુજરાતના પ્રવાસ દરમિયાન વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે.

4) આજથી શારદીય નવરાત્રીનો પ્રારંભ - ગુજરાતના મુખ્યમંત્રી અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી મહોત્સવનું ઉદ્ઘાટન કરશે

5) એશિયા કપના સુપર 4 તબક્કામાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM GST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GSTમાં થયેલા ફેરફારોને આગામી પેઢીના સુધારાઓ ગણાવ્યા જે અર્થતંત્રને મજબૂત બનાવશે અને સામાન્ય લોકોને રાહત આપશે.

ગઈકાલે સાંજે રાષ્ટ્રને સંબોધનમાં, પ્રધાનમંત્રીએ નવરાત્રિના પહેલા દિવસે અમલમાં આવનારા GST સુધારાઓને "બચતનો તહેવાર" ગણાવ્યો . તેમણે કહ્યું કે કર દરમાં ઘટાડો દૈનિક ઉપયોગની વસ્તુઓ સસ્તી બનાવશે અને વપરાશ આધારિત વિકાસને વેગ આપશે. તેમણે કહ્યું કે GST સુધારા આત્મનિર્ભર ભારત તરફ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

(બાઈટ- PM MODI ADDRESS)

નવા GST દરો આજથી અમલમાં આવ્યા છે. 12 ટકા અને 28 ટકાના ટેક્સ સ્લેબને હવે ફક્ત 5 ટકા અને 18 ટકાના સ્લેબ લાગુ કરાયા છે. લક્ઝરી ઉત્પાદનો સિવાય તમામ માલ અને સેવાઓ આ બે સ્લેબ હેઠળ આવશે. પ્રધાનમંત્રીએ સૌને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા વિનંતી કરી

(બાઈટ - PM MODI SWADESHI)

# REV.-GST-REFORMS--AUTOMOBILES

GST બચત મહોત્સવની શરૂઆતની જાહેરાત કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આનાથી દેશની કર પ્રણાલીમાં એક નવો અધ્યાય શરૂ થશે. તેમણે જણાવ્યું હતું કે GST હવે સરળ, પારદર્શક અને લોકો-મૈત્રીપૂર્ણ બની ગયું છે. આગામી પેઢીના GST સુધારાઓ આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ પરના કરના બોજને ઘટાડીને નાગરિકોને સીધી રાહત આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

ઓટો મોબાઇલમાં થતાં લાભો અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ.....

(V/C –આરજૂ GST)

# PM - TRIPURA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે ત્રિપુરાના ઉદયપુરમાં હિન્દુઓ દ્વારા પૂજાયેલા 51 શક્તિપીઠોમાંના એક, પુનઃવિકસિત માતા ત્રિપુરા સુંદરી મંદિરનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી અરુણાચલ પ્રદેશની મુલાકાત બાદ બપોરે અગરતલા પહોંચશે.

સાંભળીયે એક અહેવાલ....

**(VOICE CAST: KRUNAL)**

# AMIT SHAH – SURAT VISIT

ગુજરાતના સુરત પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના સુરત અને અમદાવાદ સહિતના વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા સહિતના કાર્યકમોમાં ઉપસ્થિત રહેશે.

શ્રી શાહ આ પ્રવાસ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી શાહ આજે સુરત અને રાજકોટના કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે તેઓ સુરત ખાતે નિર્માણ પામનાર ઇસ્કોન વરાછા મંદિરનું ભૂમિપૂજન કરશે. બપોરે શેઠ શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળા ખાતે ગચ્છાધિપતિ પરમ પૂજ્ય શ્રી વિજય અભયદેવ સુરીશ્વરજી મહારાજના દર્શન કરશે.

ત્યારબાદ અમદાવાદના જોધપુર તથા સરખેજમાં નવરાત્રીના કાર્યક્રમમાં સહભાગી થશે. આવતીકાલે તેઓ ગાંધીનગરમાં વિવિધ 11 સ્થળોએ કાર્યક્રમમાં હાજરી આપશે. જેમાં ઈફ્કો ખાતે એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તેમજ ગાંધીનગર, માણસા અને કલોલના વિવધ કાર્યક્રમમાં ભાગ લેશે.

ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે બેઠક કરશે. તેઓ ગાંધીનગરમાં ગટર અને પાણીના કામોની અને અમદાવાદમાં ટ્રંક લાઈનના કામોની સમીક્ષા કરશે. શ્રી શાહ સ્ટાર્ટ કોંકલેવ સહિત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે તથા નવરાત્રી નિમિત્તે માણસામાં કુળદેવીના દર્શન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## NAVRATRI

**આજથી શારદીય નવરાત્રીનો પ્રારંભ થયો છે. નવ દિવસની આ ધાર્મિક વિધિ દરમિયાન, શક્તિના અવતાર દેવી દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.**

**આજે, નવરાત્રીના પહેલા દિવસે, દેવીના શૈલપુત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવી રહી છે. દેશભરના માઈ મંદિરોમાં આજે ભક્તો ઉમટી રહ્યા છે. આજથી દેશભર ખાસ કરીને ગુજરાતમાં રોજ રાત્રે ભવ્ય રસ ગરબાનું આયોજન કરાયું છે. સાંભળીએ અમારા સંવાદદાતનો એક અહેવાલ.....**

**(VOICE CAST: APARNA KHUNT)**

# CRICKET-ASIA CUP WIN

એશિયા કપના સુપર 4 તબક્કામાં ગઈકાલે ભારતે પાકિસ્તાનને છ વિકેટથી હરાવ્યું છે.

ગઈકાલે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં પહેલા બેટિંગ કરતા પાકિસ્તાને ભારતને જીત માટે 172 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. 172 રનના લક્ષ્યનો પીછો કરતાં ઓપનર અભિષેક શર્મા અને શુભમન ગિલની શાનદાર બેટીંગ સાથે ભારતે સાત બોલ બાકી રહેતા વિજય મેળવ્યો. અભિષેક શર્માએ 42 બોલમાં 74 રન શુભમન ગિલે 47 રન બનાવ્યા હતા. આ જીતથી ભારતના નેટ રન રેટમાં સુધારો થયો છે.

# HEALTH-MINISTRY-SWASTH-NARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ, 17 સપ્ટેમ્બરના રોજ શરૂ કરાયેલ સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન દેશભરમાં સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. આ અભિયાન હેઠળ, 2 ઓક્ટોબર સુધી તમામ જિલ્લા હોસ્પિટલો, આયુષ્માન આરોગ્ય મંદિરો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને અન્ય સરકારી આરોગ્ય સંસ્થાઓમાં શિબિરોનું આયોજન કરવામાં આવશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે 20 સપ્ટેમ્બર સુધીમાં, દેશભરમાં 283,000 થી વધુ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં વ્યાપક જનભાગીદારી જોવા મળી રહી છે,

જેમાં લાખો મહિલાઓ, બાળકો અને પરિવારો આરોગ્ય સેવાઓનો લાભ લઈ રહ્યા છે. મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે 7.6 મિલિયનથી વધુ નાગરિકોએ આ અભિયાન માટે નોંધણી કરાવી છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

આજના અખબરોના મુખ્ય સમાચાર

- તમામ અખબારોમાં આજથી લાગુ થતાં **GST** કર દર ઘટાડાના સમાચાર પેહલા પાનાં પર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કરે "નાગરિક દેવો ભવ:ની ભવન સાથે ભારતના બચત ઉત્સવની શરૂઆત, જીએસટી, આજથી સસ્તા દિવસ, ગુજરાત સમચારે આજથી જીએસટીનું નવું ટાઇમ ટેબલ, દેશમાં ગરીબલક્ષી સ્વદેશીના નવા આયાંમોનો આરંભ - **PM** મોદી તો સંદેશે દેશમાં આજથી બચત ઉત્સવનો પ્રારંભ-**PM**
- જ્યારે નવ ગુજરાત સમયે **GST**ના નવા દરો આજથી - ખાદ્ય - દવાઓ સસ્તી થશે તો ફૂલછાબે નાગરિક દેવો ભવ: નવરાત્રી સાથે આજથી બચતોત્સવના સમાચાર પેહલા પાને છાપ્યા છે. આ ઉપરાંત તમામ અખબારોએ એશિયા કપ ટી-**200** ક્રિકેટમાં ભારતનો પાકિસ્તાન સામે વિજયના સમાચાર કવર કર્યા છે..
- નવગુજરાત સમયમાં પહેલા પાને અન્ય સમાચારોમાં ફ્રાંસ કેનેડા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયાએ અલગ પેલેસ્ટેનીયન દેશને માન્યતા આપીના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાતમાં નવરાત્રીનો આરંભ, વરસાદના સમાચાર છેલ્લા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.